# બાબા મુક્તાનંદની સમયાતીત શિખામણો

"એકવાર જ્યારે તમે તમારી સાચી યોગ્યતા જાણી લો છો
તો તમે બીજાંઓની યોગ્યતાને જાણી શકો છો."

~ બાબા મુક્તાનંદ

**માર્ક મેક્લૉગ્લિન દ્વારા લિખિત વ્યાખ્યા**

જ્યારે તમે અંતર્મુખી ધ્યાનના પ્રત્યક્ષ અનુભવ દ્વારા સ્વયંને જાણી લો છો તો તમને એ બોધ થાય છે કે તમારી અંદર તમારા પોતાના જ આત્માના રૂપે પરમાત્મા નિવાસ કરે છે એટલે કે એ જ શક્તિ જે સમસ્ત સૃષ્ટિનો આધાર છે. એટલું જ નહીં, અદ્વૈત વેદાંતના ઋષિમુનિઓ અને અદ્વૈત શૈવમતના સિદ્ધો, બંને આપણને કહે છે કે આત્માનું સાચું સારતત્ત્વ બધાંમાં એક જ છે. તમારા પોતાના આત્માને જાણી લેવાથી, તમે બીજાં બધાંમાં વિદ્યમાન આત્માને પણ જાણી લો છો. જે રીતે સ્વર્ણથી બનેલી દરેક વસ્તુમાં સ્વર્ણ જ વ્યાપ્ત છે, તે જ રીતે બધાં જ પ્રાણીઓમાં તેમનાં સાચા સારતત્ત્વના રૂપે આત્મા જ વ્યાપ્ત છે. તેથી, જેમકે બાબા મુક્તાનંદ સમજાવે છે કે જ્યારે તમે તમારા અંતરમાં વિદ્યમાન અવિનાશી આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરીને તેના અપાર મૂલ્યને ઓળખી લેશો ત્યારે તમે એ જાણી લેશો કે બીજાં બધાંની યોગ્યતા પણ તમારી યોગ્યતાની જેમ જ અનંત અને પૂર્ણપણે અપરિમિત છે.

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.